જંગલી જાનવરો પ્રાણી સંગ્રહાલય કેવી રીતે પહોંચે છે?



મેરી એલટીન્ગ
ચિત્ર: સ્ટીફન માર્ટિન


Wild Pig
Tiger
Hippopotamus
Monkey
Giraffe
Sloth
Anteater
Alligator
Bear
Lion
Kangaroo
Zebra
Walrus
Antelope


Rabbit
Fox
Snake
Orangutan
Rhea
Elephant
Turtle
Condor
Mountain Lion
Seal
Raccoon
Pangolin
Rhinoceros
Camel

જંગલી જાનવરો પ્રાણી સંગ્રહાલય કેવી રીતે પહોંચે છે?



મેરી એલટીન્ગ

ચિત્ર: સ્ટીફન માર્ટિન



આ રસ્તે પ્રાણી સંગ્રહાલય તરફ!

ત્યાં તમે જંગલી જાનવરો જોઈ શકશો.

ત્યાં તમે જંગલી ડુક્કર જોઈ શકશો.

ત્યાં તમે જંગલી વાઘ જોઈ શકશો.

જરા જંગલી પક્ષીઓને જુઓ.

એ બધા ત્યાં કેવી રીતે આવ્યા?

એ પ્રાણી સંગ્રહાલય કેવી રીતે પહોંચ્યા?





જાનવર પ્રાણી સંગ્રહાલય આવ્યા પહેલા

ક્યાં રહેતા હતા?

એ બહુ દૂર રહેતા હતા.

ટેકરીઓમાં.



પાણીમાં.

ઘાસમાં.

વૃક્ષો પર.






જંગલી જાનવર પ્રાણી સંગ્રહાલય કેવી રીતે પહોંચે છે?

પ્રાણી સંગ્રહાલયના માણસો

એને શોધવા નીકળે છે.

પ્રાણી સંગ્રહાલયના માણસો એને પકડે છે

અને એને લઈ આવે છે.



આ જંગલી જાનવર ઝડપથી દોડે છે.

પ્રાણી સંગ્રહાલયના માણસો એને કેવી રીતે પકડી શકે છે?

આવી રીતે -





આ જાનવર બહુ ઝડપથી દોડી શકે છે.

પણ પ્રાણી સંગ્રહાલયના માણસો

એને પણ પકડી શકે છે.

કેવી રીતે?

આવી રીતે -



ગાળિયો ઉપર જાય છે.

પછી ગાળિયો નીચે આવે છે.



પ્રાણી સંગ્રહાલયના માણસો દોરડાથી

ઘણા જાનવરોને પકડી શકે છે.


આવી રીતે -



અને આવી રીતે -



આવી રીતે -



અને આવી રીતે -





આ જાનવર બટકું ભરી શકે છે.

એ દોરડાને કાપી શકે છે.

એ માણસને પણ બટકું ભરી શકે છે.

એને પકડવાનો સમય જ્યારે એ ઊંઘતું હોય ત્યારે છે.

ઠંડા દિવસોમાં એ કીચડમાં ઊંઘે છે.



પ્રાણી સંગ્રહાલયના માણસો એને ઠંડા દિવસે કેવી રીતે પકડશે?



આવી રીતે -



તમે દોરડાથી વાંદરાને પકડી નહીં શકો.


વાંદરા બહુ ઝડપથી

ઝાડ પર બહુ ઊંચે ચઢી જાય છે.

તો પ્રાણી સંગ્રહાલયના માણસો શું કરે છે?

એ વાંદરાને આવી રીતે

એક પાંજરામાં પકડે છે -




પાંજરું એક છટકું હોય છે.

માણસો છટકાંમાં ખાવાનું રાખે છે.

સુંઘયું! સુંઘયું!

વાંદરો એ ખાવાનું લેવા ચાહે છે.




વાંદરો ખાવાનું ખેંચે છે.

પણ એ ખાવાનું એક દોરી સાથે બાંધેલું છે.

એ દોરી એક હૂકને ખેંચે છે.

ધમ્મ!

હવે વાંદરો બહાર નથી નીકળી શકતો.



પ્રાણી સંગ્રહાલયના માણસો છટકાંમાં
રીંછને પણ પકડી શકે છે.

એની પાસે રીંછને પકડવા માટે

એક મોટું ગોળ છટકું હોય છે.

એ એટલું મોટું હોય છે કે એને

ખેંચીને ટેકરી ઉપર લઈ જવું પડે છે.



માણસો છટકાંમાં ખાવાનું રાખે છે.

સુંઘયું! સુંઘયું!

રીંછ એ ખાવાનું લેવા ચાહે છે.

એ ખાવાનું ખેંચે છે.

પણ ખાવાનું એક દોરી સાથે
જોડાયેલું હોય છે.

એ દોરી એક હૂક ને ખેંચે છે.


ધમ્મ!

રીંછ બહાર નથી નીકળી શકતું.

પ્રાણી સંગ્રહાલયના માણસો ઘણા
જાનવરોને ખાવાનું પ્રલોભન આપીને

બોક્સ છટકાંમાં પકડે છે.

આવી રીતે -



પહાડી સિંહ



સસલું


અને આવી રીતે -

અને આવી રીતે -



શિયાળ

અને આવી રીતે -



રકૂન



પ્રાણી સંગ્રહાલયના માણસો વાઘણને પણ

ખાવાની લાલચ આપીને પકડે છે,

પણ એ એને બોક્સ છટકાંમાં નથી પકડતા.


પ્રાણી સંગ્રહાલયના માણસો વાઘણને કેવી રીતે પકડે છે?

સૌથી પહેલા, એ એક ઊંડો ખાડો ખોદે છે.

પછી એ એમાં ખાવાનું રાખે છે.

એ ખાડાની ચારે બાજુ દીવાલ બનાવે છે.

પછી વાઘણ શું કરે છે?





વાઘણને ખાવાનું જોઈએ છે.

પણ એ ખાડાને જોઈ નથી શકતી.

એ દીવાલ ઉપરથી કૂદે છે -

સીધી ખાડામાં!

અને પછી એ બહાર નથી નીકળી
શકતી.

પ્રાણી સંગ્રહાલયના માણસો વાઘણને

ખાડામાંથી બહાર કેવી રીતે કાઢે છે?


એને માટે એ આવું કરે છે.

એ દીવાલમાં એક દરવાજો બનાવે
છે.

ત્યાં એ એક પાંજરું ગોઠવે છે.

દરવાજો પાંજરામાં ખુલે છે.

પછી એ આવું કરે છે -



વાઘણ ઉપર ચઢે છે -

સીધી પાંજરામાં!

આ જાનવરને પકડવું સહેલું છે.

એને મીઠું બહુ ભાવે છે.


એટલે પ્રાણી સંગ્રહાલયના માણસો


એને મીઠાના પ્રલોભનથી પકડે છે.

એ એક ખાડો ખોદે છે.

એ ખાડા ઉપર ઘાસ નાખે છે.

પછી ઘાસની ઉપર મીઠું નાખે છે.





જાનવરને એ મીઠું જોઈએ છે.

એ મીઠાને એટલું ચાહે છે

કે એ જોતું નથી કે એ

ક્યાં જાય છે.



એને બહાર કાઢવા

માટે એક ટ્રક

ની જરૂર પડે છે.



આ પક્ષી મોટું છે.

એ એટલું મોટું છે કે એને

ઉડવા માટે વિમાનની જેમ

ટેક-ઓફ કરવું પડે છે.

ઉડયા પહેલા એને દોડવું પડે છે.

પ્રાણી સંગ્રહાલયના માણસો એને કેવી રીતે
પકડે છે?

પહેલા એ એક ખાડો ખોદે છે.

પછી એ એમાં ખાવાનું મૂકે છે.



પક્ષી નીચે આવે છે અને

ખાવાનું લેવા ખાડામાં જાય છે.

પણ હવે એ ઉડીને બહાર નથી જઈ શકતું.

ખાડો બહુ નાનો છે.

એ દોડીને ઉડી નથી શકતું.

પ્રાણી સંગ્રહાલયના માણસો ખાડામાં કૂદે છે અને પક્ષીને જાળમાં ફસાવે છે.



સાપ નું શું?

થોડા સાપ માણસનો જીવ લઈ શકે છે.

પ્રાણી સંગ્રહાલયના માણસો એને

આવી રીતે પકડે છે -




અને આવી રીતે -



આ સાપ પકડવા માટે સલામત છે.

પણ એને પકડવા માટે

અને પાંજરામાં પૂરવા માટે



ઘણા લોકોની જરૂર છે.



આ જાનવર ઝાડ પર બહુ ઊંચે રહે છે.

શું લોકો એને પકડવા માટે ઉપર ચઢે છે?

નહીં. કારણકે એ બાજુના ઝાડ પર કૂદી શકે છે.

શું એ એને દોરડાથી પકડે છે?

નહીં. એ જાનવર બહુ તેજીથી અને બહુ દૂર કૂદે છે.



પ્રાણી સંગ્રહાલયના માણસોએ એને ઊંઘતો ઝડપવો પડે છે.

એ લોકો એવા ઝાડને શોધે છે


જ્યાં એ જાનવર સૂતું હોય છે.

પછી એ લોકો આવું કરે છે -




હવે એ જાનવર બીજા ઝાડ

પર કૂદી શકતું નથી.



એ ભાગવાની કોશિશ નથી કરતું.

એટલે એને જાળમાં પકડવાનું સહેલું થઈ જાય છે.





પ્રાણી સંગ્રહાલયના માણસો દરિયાઈ
સિંહને પણ જાળમાં પકડે છે.


એ જાળને પાણીમાં નાખે છે.

પછી એ લોકો બેસીને રાહ જુએ છે.

એ ત્યાં સુધી રાહ જુએ છે

જ્યાં સુધી કોઈ દરિયાઈ સિંહ

તરીને જાળમાં નથી આવતો.



પછી એ એને આવી રીતે બહાર

કાઢે છે -



આ મોટા પક્ષી ઉડી નથી શકતા.

પણ એ ઝડપથી દોડી શકે છે.

અને એ બહુ જોરથી

લાત મારી શકે છે!

પ્રાણી સંગ્રહાલયના માણસો એને કેવી રીતે પકડશે?

આનાથી–







બોલ પક્ષીના પગને ચારે
બાજુથી જકડે છે.

હવે પ્રાણી સંગ્રહાલયના
માણસો પક્ષીને પાંજરામાં
બંધ કરી શકે છે.

જંગલી હાથીઓને પકડવા માટે
ઘણા લોકોની જરૂર પડે છે.
માણસો પહેલા આ કરે છે -






એ હાથીઓને ભગાવે છે.

એ એક મોટા છટકાંમાં (વાડામાં) હાથીઓને ફસાવે છે.

પ્રાણી સંગ્રહાલયના માણસો એને મોટા વાડામાંથી બહાર કેવી રીતે કાઢે છે?

આવી રીતે -



માણસો વાડામાં સવારી કરે છે.

એ પાળેલા હાથીઓ પર સવાર થાય છે જે જંગલી નથી હોતા.

એ જંગલી હાથીઓને

દોરડાથી પકડે છે

અને એને વાડામાંથી બહાર કાઢે છે.


જો કોઈ માણસ

આ જાનવર પાસે જાય છે,

તો એ આવું કરી શકે છે -



પ્રાણી સંગ્રહાલયના માણસો એને કેવી રીતે પકડશે?



એ સરળ છે.

પ્રાણી સંગ્રહાલયનો માણસ જોરથી બૂમ પાડે છે "બૂ!"

અને એ જાનવર એક બોલ બની જાય છે.

પ્રાણી સંગ્રહાલયનો માણસ એને ઉપાડીને

એક પાંજરામાં મૂકે છે.




પ્રાણી સંગ્રહાલયનો માણસ શું કરી રહ્યો છે?

એ ઝાડ ઉપર શું ચોપડી રહ્યો છે?

એ થોડા પક્ષીઓને પકડવાનો છે

જેને આ ઝાડ પર બેસવાનું પસંદ છે.



એ ઝાડ પર ગુંદ જેવી કોઈ વસ્તુ લગાડે છે.

પક્ષી એ ગુંદને લીધે ઝાડ પર ચોંટી જાય છે.

એ ઝાડથી દૂર જઈ નથી શકતા.

પ્રાણી સંગ્રહાલયનો માણસ એને સરળતાથી
પકડી શકે છે

અને પાંજરામાં પૂરી શકે છે.




ક્યારેક પ્રાણી સંગ્રહાલયના માણસો

પ્રાણી સંગ્રહાલય માટે જેટલા જાનવર ચાહતા હોય એટલા પકડી નથી શકતા.

એને ઘરે જવાનું છે,

પણ પાંજરા હજી ભરાયા નથી.

હવે એ શું કરશે?



ત્યારે પ્રાણી સંગ્રહાલયના માણસો, બીજા માણસોને કહે છે, "શું તમે અમારા માટે કોઈ જાનવર પકડી શકો છે?"

"શું તમે એવું કરી શકો છે?"

"શું તમે લાવી શકો છો?

અથવા તમે?"

જુઓ, લોકો શું-શું લાવે છે!





પ્રાણી સંગ્રહાલયના માણસો

જાનવરોને પ્રાણી સંગ્રહાલય લઈ જાય છે.


થોડા જાનવર જહાજમાં સવારી કરે છે.

થોડા વિમાનમાં સવારી કરે છે.





થોડા રેલગાડીમાં સવારી કરે છે.





જયારે તમે પ્રાણી સંગ્રહાલય જાવ છો,

તો તમે જોઈ શકો છો કે જાનવર કેવી રીતે ખાય છે.


તમે જોઈ શકો છો કે એ કેવી રીતે સૂઈ જાય છે.

તમે જોઈ શકો છો કે એ કેવા દેખાય છે.

અને હવે તમે એ પણ જાણો છો કે

એ જાનવર પ્રાણી સંગ્રહાલય કેવી રીતે પહોંચ્યા!


Wild Pig
Tiger
Hippopotamus
Monkey
Giraffe
Sloth
Anteater
Alligator
Bear
Lion
Kangaroo
Zebra
Walrus
Antelope


Rabbit
Fox
Snake
Elephant
Orangutan
Rhea
Turtle
Condor
Mountain Lion
Seal
Raccoon
Pangolin
Rhinoceros
Camel